# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'A' (3.02) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.–૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫
ફોન : ૨૨૨૭૪૫, ૨૩૦૫૨૯, ૨૩૦૭૪૩, ૨૩૩૬૪૮ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭
Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

## પરિપત્ર ક્રમાંક : ૨૦૧/૨૦૧૮

**વિષય : શૈક્ષણિક કર્મચારીઓની Duty Leave અંગે.**

આથી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે,છેલ્લા બે વર્ષથી યુનિવર્સિટી ધ્વારા તમામ પરીક્ષાઓની ઉત્તરવહીઓનું મધ્યસ્થ મૂલ્યાંકન આપ સૌ આચાર્યશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓના સાથ સહકારથી યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવી રહેલું છે. જેના કારણે યુનિવર્સિટીની પરીક્ષાઓના પરીણામો વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં યુનિવર્સિટી સમયસર જાહેર કરી શકે છે. જેનાથી આપ સૌ માહિતગાર છે.

યુનિવર્સિટીની પરીક્ષાઓની કામગીરી એ ફરજીયાત હોવા અંગેની યુનિવર્સિટીના ઓર્ડીનાન્સ–૧૬૧ માં નીચે પ્રમાણેની જોગવાઈ છે.

**Ordinance-161 ESSENTIAL WORK OF EXAMINATIONS :**

**"It shall be compulsory for every recognized teacher in the service of an affiliated college of the University, Department or an institution recognized by the University, to discharge any duty including that of paper setting, assessment, supervision, observation etc. in connection with college and the University examination assigned or entrusted by the college concerned or the University.**

**A teacher, refusing or avoiding the duties or found negligent or committing any misconduct in connection with the duties of the examination, shall be liable to such penal actions as may be deemed fit by the University. However, in exceptional cases on written submission by the concerned teacher, the Vice-Chancellor may exempt a teacher from performing specific duties related to examination."**

ઉપરોકત પરિસ્થિતિમાં યુનિવર્સિટીને મળેલ કેટલાક અધ્યાપકશ્રીઓની રજૂઆત પ્રમાણે તેઓને કોલેજ ધ્વારા શૈક્ષણિક કાર્ય કર્યા બાદ યુનિવર્સિટીમાં ચાલતાં મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં ઉત્તરવહી મૂલ્યાંકન માટે રીલીવ કરવામાં આવે છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ આદેશાનુસાર જણાવવાનું કે,બહાર ગામથી યુનિવર્સિટીના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર મૂલ્યાંકન કામગીરી માટે આવતા અધ્યાપકોને મૂલ્યાંકનની કામગીરીના દિવસો દરમિયાન આખા દિવસ માટે મૂલ્યાંકનની કામગીરી માટે કોલેજના શૈક્ષણિક કાર્યને પણ અસર ન થાય તે મુજબ અધ્યાપકોની વારાફરતી વ્યવસ્થા કરી શૈક્ષણિક કામગીરીમાંથી મુકિત આપી આખા દિવસ માટે મુકત કરી Duty Leave (ફરજ પરની રજા) મંજૂર કરવા વિનંતી છે. સબંધિત અધ્યાપકોએ મૂલ્યાંકન કામગીરી પૂર્ણ થયેથી યુનિવર્સિટીના Duty Leave પ્રમાણપત્ર સાથે કોલેજના આચાર્યશ્રીને રીપોર્ટીગ તથા Duty Leave પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અભ્યાસક્રમ પૂર્ણ કરવાની પૂરી જવાબદારી જે તે અધ્યાપકની રહેશે. જેની આચાર્યશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓએ નોંધ લેવા વિનંતી.

યુનિવર્સિટીની તમામ કામગીરીમાં આપ સૌનો અમૂલ્ય સહકાર સદંતર મળતો રહયો છે. અને મળતો રહેશે તેવી અપેક્ષા રાખું છું.

સહી/–
કા.કુલસચિવ

નં.–પરીક્ષા/ખાનગી/૮૧૪૩/૨૦૧૮
તારીખ : ૧૮/૧૨/૨૦૧૮

**પ્રતિ,**

૧. આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ,
૨. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૪. નાયબ કુલસચિવશ્રી, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ**
૫. સિસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, **પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)**
૬. ગ્રંથપાલશ્રી,યુનિવર્સિટી ગ્રંથાલય, હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, **પાટણ ('ઉદિચ્ય' માં પ્રસિધ્ધિ સારૂ)**